# શ્રી આર એસ ચૌધરી કન્યા છાત્રાલય ખાતે વાલિ દિનની ઉજવણી





ગાંધીનગર, તા. ૧૭

શ્રી આર એસ ચૌધરી કન્યા છાત્રાલય ખાતે વાલિ દિનની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા જિલ્લામાંથી ખૂબ મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. વાલી દિનની શરૂઆત દિપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી, જેમા શ્રી અખિલ આંજણા કેળવણી મંડળના હોદ્દેદારો પણ ઉપસ્થિત રહ્યા હતા.

મંડળના પ્રમુખ હરિભાઈ ચૌધરીએ કન્યા કેળવણી વિશે વાલીઓને માર્ગદર્શન આપ્યું હતું અને દીકરીઓને વધુમાં વધુ શિક્ષણ આપવા માટે હાકલ કરી હતી. મંત્રી શંકરભાઈ ચૌધરીએ વાલીઓને જરૂરી સૂચનો કર્યાં હતાં અને માર્ગદર્શન આપ્યું હતું. મંડળના અન્ય હોદ્દેદાર માધુભાઈ ચૌધરી, એમ એમ ચૌધરી અને આર એસ ચૌધરીએ પણ વાલીઓ સાથે ખુલીને વાત કરી હતી. છાત્રાલય સંલગ્ન શાળાનાં આચાર્ય સંતોકબેન ચૌધરી, પ્રવીણાબેન ચૌધરી, મીનાબેન ચૌધરીએ વિદ્યાર્થીઓને શિક્ષણનાં મૂલ્યો સમજાવી ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવા અંગે માર્ગદર્શન આપ્યું હતું. એમ એમ ચૌધરીએ અંતમાં પ્રસંગને અનુરૂપ વક્તવ્ય આપી વાલીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. વાલીઓ દ્વારા પણ પોતાનાં મંતવ્યો પ્રગટ કરવામાં આવ્યાં હતાં.




સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિર, સેક્ટર-૭ ખાતે નિરામય હોમિયોપેથિક ક્લિનીક દ્વારા સ્વાઈન ફ્લુ અને ઋતુજન્ય રોગચાળા સામે રક્ષણ આપતી દવાઓ વિદ્યાર્થીઓ અને સ્ટાફને આપવામાં આવી હતી. ત્રણ દિવસ સુધી આ દવાઓ વિદ્યાર્થીઓ, સ્ટાફને વિનામૂલ્યે આપવામાં આવી હતી. આ ઉપરાંત હોમિયોપેથિક પધ્ધતિ અને સ્વાઈન ફ્લુ વિશે પણ વિસ્તૃત સમજૂતી વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. આ ઉમદા કાર્ય બદલ નિરામય ક્લિનીક અને તેના સંચાલક ડૉ. નીરવ આર ઠાકર પ્રતિ શાળા પરિવાર વતી આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

## જન્મદિને વધામણી



જયદિપ જયસુખલાલ જાટકીયા
મો. ૯૦૯૯૯ ૪૪૪૯૦



પુનિત ગિરીશચંદ્ર જાટકીયા
મો. ૯૦૯૯૯ ૪૪૪૯૦



મિતલ રાણા
લાયોનેસ ક્લબ



નગીનભાઈ નાયી
પેરિસ હેર આર્ટ
મો. ૯૪૨૭૦ ૫૪૩૨૧



તારાબેન અમૃતલાલ ત્રિવેદી



કાનન ઓઝા
મો. ૮૪૯૦૮ ૪૧૩૨૩



શ્રીયા રેટીયા

# જિલ્લા ખેલ મહાકુંભ અંતર્ગત જુડો સ્પર્ધામાં લીંબોદરા હાઈસ્કૂલ વિજયી



ખેલ મહાકુંભ અંતર્ગત જિલ્લાકક્ષાની જુડો સ્પર્ધા તાજેતરમાં યોજવામાં આવી હતી, જેમાં શ્રી પી પી આર શાહ હાઈસ્કૂલ, લીંબોદરાના વિદ્યાર્થીઓએ વિજેતા પદ મેળવી પોતાની પસંદગી રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે નિશ્ચિત કરી હતી. વિવિધ વય અને વજનનાં જૂથમાં ૭ વિદ્યાર્થીઓ અને ૬ વિદ્યાર્થીઓએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ હતું, ૬ વિદ્યાર્થીઓએ દ્વિતિય સ્થાન અને ૧૭ વિદ્યાર્થીઓએ તૃતિય સ્થાન પ્રાપ્ત કરી જિલ્લામાં શાળાના નામનો ડંકો વગાડી દીધો હતો. તમામ વિજેતા ખેલાડીઓને શાળાના વ્યાયામ શિક્ષક વિશાલ થોરાતે પ્રોત્સાહિત કર્યા હતા. આચાર્ય તેજસિંહ પરમાર અને શાળા પરિવારે વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## તાઈવાન પ્રિન્ટેડ સર્કીટ બૉર્ડના પ્રમુખ દ્વારા તાજેતરમાં ગેઝિયાની મુલાકાત

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર ઈલેક્ટ્રોનિક્સ ઝોન ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન (ગેઝિયા)ની તાજેતરમાં તાઈવન પ્રિન્ટેડ સર્કીટ બોર્ડ એસોસિએશનના પ્રમુખ વિંસ્ટન હંગ અને તાઈવાન ઈન્ટરનેશનલ ટ્રેડ ડેવલપમેન્ટ કાઉન્સિલના કેન ચાંગ, તાઈવાન ઈલેક્ટ્રોનિક કનેકશન એસોસિએશનના યુંગ ચુંગ પેંગ અને તેમના ડેલિગેશન દ્વારા ગાંધીનગર ઈલૅક્ટ્રોનિક્સ એસ્ટેટ ખાતે મુલાકાત લેવામાં આવી હતી. ગેઝિયાના પ્રમુખ સમીરભાઈ ત્રિવેદી, ઉપપ્રમુખ ચાણક્યભાઈ પટેલ અને સૅક્રેટરી સુધિર વિચારે દ્વારા આ ડૅલિગેશનનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ગેઝિયા હૉલમાં મૅમ્બર્સ દ્વારા પરસ્પર વ્યાપાર, ઉદ્યોગોમાં રોકાણ કરવા અંગેની ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

# મલેરિયાની રોકથામ માટે ગૂજરાત વિદ્યાપીઠની પહેલ



ગાંધીનગર, તા. ૧૭

રાષ્ટ્રીય સેવા યોજના એકમ, શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ, સાદરા દ્વારા મલેરિયાથી રોકથામ માટે ગૂજરાત વિદ્યાપીઠનાં ત્રણેય પરિસર અને આસપાસનાં ગામો હરીપુરા, કલ્યાણપુરા, મોતીપુરા અને સાદરામાં દવાનો છંટકાવ કરવામાં આવ્યો હતો.

રાષ્ટ્રીય સેવા યોજના એકમના ૧૦૦ જેટલા સ્વયંસેવકોને તાલીમ આપવા માટે એક દિવસીય મૅડિકલ ક્લિનીકનું આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ. નયનેશભાઈ વસાવાએ સ્વયંસેવકોને દવા છાંટવાની અને ગપ્પી માછલીઓનો ઉછેર કરવાની રીત શીખવી હતી. એકમના સ્વયં-સેવકોને ૨૦ ટૂકડીઓમાં વિભાજીત કરવામાં આવ્યા હતા. આ ટૂકડીઓએ ગામડે ગામડે જઈ મલેરિયા રોકથામ માટે દવાનો છંટકાવ કર્યો હતો અને પાણીમાં ગપ્પી માછલીઓ પણ મૂકી હતી.

કાર્યક્રમનું આયોજન અને સંચાલન રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઑફિસર ડૉ. નીરજ સિલાવટ અને મૅડિકલ ઑફિસર ડૉ. નયનેશ વસાવાએ કર્યું હતું. કાર્યક્રમના આયોજનમાં શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠના રાષ્ટ્રીય સેવા યોજના એકમના સ્વયંસેવકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને સમાજસેવાની સુંદર કામગીરી કરી હતી.

# બ્રહ્માકુમારીઝ દ્વારા રાષ્ટ્રકક્ષાનો મીડિયા સૅમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૧૭

આંતરરાષ્ટ્રીય અધ્યાત્મ સંસ્થા પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય દ્વારા 'સુખ અને શાંતિની સ્થાપનામાં રાજયોગનો સહયોગ : એક અધ્યાત્મ દૃષ્ટિકોણ અને તેમાં મીડિયાની ભૂમિકા' વિષયે રાષ્ટ્રીય મહાસંમેલનનું શનિવારે ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

દેશ-વિદેશના ૨૫૦૦ જેટલા મીડિયા મહાનુભાવોને સંબોધન કરતાં આબુ તળેટી સ્થિત શાંતિવન ખાતે દાદી રતનમોહિનીજીએ જણાવ્યું હતું કે સમાજમાં સર્વ પ્રકારે સંપન્નતા હોવા છતાં જીવનમાં સુખ-શાંતિ-આનંદના અભાવથી માનવમાત્ર પરેશાન છે. ત્યારે મીડિયાની ભૂમિકા ભારતીય આધ્યાત્મિકતા અને રાજયોગ દ્વારા વ્યક્તિ પરિવર્તનના કાર્યમાં જોડાવું એ સમયની અનિવાર્યતા છે. દાદીજીએ પોતાના આશીર્વચનમાં મીડિયાકર્મીની આ દિશામાં અથાગ પ્રયત્નોની સરાહના કરી તેમને શુભકામનાઓ પાઠવી હતી.

સમારોહમાં સોસાયટી ઓફ મીડિયા ઈનીશિએટીવ ફોર વેલ્યુઝના રાષ્ટ્રીય મહામંત્રી પ્રા. કમલ દિક્ષીતજીએ જણાવ્યું હતું કે વિશ્વમાં અતિ આધુનિક સુવિધા સંપન્ન વિજ્ઞાન-ટૅકનોલૉજી હોવા છતાં માનવ સમાજ સદ્ગુણ, શક્તિ અને માનવીય ગુણોની શોધમાં છે ત્યારે મીડિયાની ભૂમિકાએ નક્કી કરવાનું છે કે તેણે સમયની માગને કઈ રીતે પૂર્ણ કરવી.

મીડિયા પ્રભાગના રાષ્ટ્રીય ચેરમેન કરૂણાજીએ પોતાના વક્તવ્યમાં મીડિયાના અથાગ પ્રયત્નોની પ્રશંસા કરી મીડિયાકર્મીને પોતાના જીવનમાં શાંત મન, સ્થિર માનસિક અવસ્થા માટે રાજયોગ અર્થે આહ્વાન કર્યું હતું જેથી દેશ સેવામાં મીડિયાજગત અગ્રેસર રહે.

વડાપ્રધાનના પૂર્વ માહિતી સલાહકાર પ્રૉ. નરેન્દ્રજીએ જણાવ્યું હતું કે આજે પ્રત્યેક માનવ પાસે મીડિયા જગતનું સાધન મોબાઈલ છે. તેને કઈ રીતે ઉપયોગ કરવો તે વ્યક્તિગત વિચાર છે. તેને સકારાત્મક દિશા આપવા પ્રત્યેક વ્યક્તિએ સક્ષમ બનાવું પડશે, જેની પ્રેરણા શાંતિવનથી મળે છે.

સંસ્થાના સૅક્રેટરી નિર્વૈરજીએ પોતાના વક્તવ્યમાં સંગઠિત મીડિયા જગતનો અધ્યાત્મ સશક્ત બનવાથી મળતી સર્વાંગી સફળતાનો અનુભવ વર્ણવ્યો હતો અને તે દિશામાં સર્વને સશક્ત બનવાની પ્રેરણા લેવા આહ્વાન કર્યું હતું. રાજયોગ શિક્ષિકા બ્રહ્માકુમારી શિલુબેને યોગાભ્યાસ કરાવી સર્વને ગહન શાંતિની અનુભૂતિ કરાવી હતી.




(૧) ઓડિટ બ્યુરો ઓફ સર્ક્યુલેશનના નવા ચેરમેન પદે કોની વરણી કરવામાં આવી છે?
(એ) દેવવ્રત મુખરજી
(બી) આશિષ જોષી
(સી) વિજયરાજ ચેટર્જી
(ડી) રવિ કુમાર

(૨) ટેબલટેનિસ એશિયા કપનો પ્રારંભ કયા શહેરમાં કરવામાં આવ્યો છે?
(એ) રાજકોટ (બી) અમદાવાદ
(સી) સુરત (ડી) અમરેલી

(૩) લોકતંત્ર કે ઉત્સવી અનકહી કહાની નામના પુસ્તકના લેખક કોણ છે?
(એ) નવીન ચાવલા (બી) અચલકુમાર જ્યોતિ
(સી) નસીમ ઝૈદી (ડી) એસવાઈ કુરેશી

(૪) તાજેતરમાં વિશ્વ ઓઝોન દિવસ ક્યારે ઉજવવામાં આવ્યો હતો?
(એ) ૧૬ સપ્ટેમ્બર (બી) ૧૭ સપ્ટેમ્બર
(સી) ૧૪ સપ્ટેમ્બર (ડી) ૧૫ સપ્ટેમ્બર

(૫) ૨૦૧૭માં વિશ્વ ઓઝોન દિવસની થીમ શું હતી?
(એ) સૂર્યપ્રકાશની અસર (બી) સૂર્યપ્રકાશની વીજળીમાં ઉપયોગીતા
(સી) સૂર્ય સે પહેલે જીવન (ડી) સૂર્ય સે પલનેવાલે જીવન કી રક્ષા

(૬) સુઝુકી મોટર કોપ કંપનીએ કયા રાજ્યમાં નવો પ્લાન નાખવાની જાહેરાત કરી છે?
(એ) ગુજરાત (બી) રાજસ્થાન
(સી) ઉત્તરાખંડ (ડી) આંધ્રપ્રદેશ

(૭) રાષ્ટ્રીય કિક બૉક્સિંગ સ્પર્ધામાં કયા પ્રદેશે સૌથી વધુ ૫૩ મૅડલ જિત્યા હતા?
(એ) હરિયાણા (બી) હિમાચલ પ્રદેશ
(સી) ગુજરાત (ડી) કેરલ

(૮) બોલીવૂડ ફેસ્ટીવલ નોર્વે-૨૦૦૧૭ની શરૂઆત કઈ ફિલ્મથી કરવામાં આવી હતી?
(એ) સિમરન (બી) પટેલ કી પંજાબી શાદી
(સી) હિન્દી મીડિયમ (ડી) ઈન્દુ સરકાર

(૯) વિશ્વનું સૌથી લાંબું હાઈસ્પીડ રેલ નેટવર્ક કયા દેશમાં બિછાવવામાં આવ્યું છે?
(એ) અમેરિકા (બી) રશિયા
(સી) ચીન (ડી) ભારત

(૧૦) તાજેતરમાં ઈંગ્લેન્ડના કયા પૂર્વ મહિલા ડિરેક્ટરનું નિધન થયું છે?
(એ) જેન બ્રિટન (બી) જેક વિલય
(સી) જેની રોક (ડી) જેફી રોની

# સુવ્યવસ્થિત સમાજનું ગઠન કરવું એ લોકશાહી છે

ગાંધીનગર, તા. ૧૭

જસ્ટિસ ચેલમેશ્વર થોડા વર્ષો પહેલાંનો પોતાનો એક અંગત પ્રસંગ ટાંકતા કહ્યું હતું કે, 'હૈદ્રાબાદમાં પોલીસ સેવા બજાવતા મારા મિત્રએ એક સંસ્થામાં આવવા મને આમંત્રણ આપ્યું હતું. સામાન્ય રીતે પોલીસને સુસંસ્કૃત વ્યક્તિ (ખાસ કરીને રમખાણોમાં) ગણવામાં આવતા નથી. પરંતુ હૈદ્રાબાદ પોલીસની આ સંસ્થાએ અનાથ બાળકોનું ગૃહ બનાવ્યું હતું તેમને ભોજન, કપડાં અને શિક્ષણ અપાતું હતું. હું આ સંસ્થા જોઈ ઉત્તેજિત હતો અને મેં મારા મિત્રને પૂછ્યું કે, 'આ સંસ્થા પાછળની પ્રેરણા શું છે' તેમણે પ્રામાણિક જવાબ આપ્યો હતો કે, 'અમે કાયદો અને વ્યવસ્થાને જાળવી રાખવા આ પહેલ કરી છે.' તેમનું કહેવું હતું કે તે સમયે હૈદ્રાબાદમાં સાતથી આઠ હજાર અનાથ રખડતાં બાળકો હતા. જો તે પૈકીના ૧૦% ગુનેગાર બની જાય તો લોકો સુરક્ષિત નહીં રહે.

સુપ્રીમ કોર્ટના જસ્ટિસ જે. ચેલમેશ્વરે જસ્ટિસ પી.ડી. દેસાઇ વ્યાખ્યાન શ્રેણીમાં બંધારણની સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાયની વિભાવના પર વિચારપ્રેરક વકતવ્ય આપતા કહ્યું હતું કે, 'જ્યારે દેશના ૭૦% નાગરિકો આર્થિક રીતે સમૃદ્ધ ના હોય અને તેઓ ભૂખ્યાં હોય ત્યારે રાષ્ટ્રને ગણતાંત્રિક ના કહી શકાય. ભૂખ અને ગરીબી તમામ સમસ્યાઓની જડ છે. દેશમાં આજે પણ ક્યાંક અસ્પૃશ્યતાનો સડો જોવા છે. મહિલાઓ સમાજનો અનન્ય હિસ્સો હોવા છતાં તેમને વર્ષો સુધી પ્રોપર્ટી રાઈટ્સ મળ્યા નહોતા. રાજકારણમાં પણ પૈસા અને પરિવારવાદનો પગપેસારો જોવા મળે છે. આ બધી હકીકતો બંધારણીય અસમાનતા ઊભી કરે છે પરંતુ તેમ છતાંય બંધારણની સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાયની વિભાવના લુપ્ત થઈ હોવાનું હું માનતો નથી. જો કે, હવે શું હાંસલ કરવાનું છે એ યુવા પેઢીએ નક્કી કરવું પડશે.'

એથન્સની પ્રજાએ સોક્રેટિસની હત્યા કરવાને લોકશાહી ગણાવી હતી. આ દૃષ્ટાંત આપતા જસ્ટિસ ચેલમેશ્વરે કહ્યું હતું કે, 'સુવ્યવસ્થિત સમાજનું ગઠન કરવું એ લોકશાહી છે. નાગરિકો જેને ચૂંટે તે સત્તાધીશોએ મૂલ્યોનું જતન, જવાબદારીનો નિર્વાહ અને નાગરિકોની સુખ-સમૃદ્ધિ સુનિશ્ચિત કરવાની રહે છે. પરંતુ અહીંથી જ આર્થિક અસમાનતા શરૂ થાય છે. આઝાદી પહેલા, પછી અને આજ સુધી આર્થિક અસમાનતા જોવા મળે છે. તે સમયે ૫૬૦ રજવાડાઓ અને જમીનદારો પાસે તમામ સંપત્તિ હતી અને નાગરિકો બે ટંક જમી શકતા નહોતા. તાજમહલ અને લાલ કિલ્લો મોગલોના સુવર્ણયુગની ભવ્યતા દર્શાવે છે, પરંતુ જમીની વાસ્તવિકતા વરવી હતી. કેમ કે ૫૦% ગ્રોસ ડોમેસ્ટિસ પ્રોડક્ટ્સ રજવાડા ભોગવતા હતા! તાજમહલના નિર્માણના ૩૦૦ વર્ષ અને બંધારણના ગઠન બાદ પણ આર્થિક અસમાનતાની દ્રષ્ટિએ કોઈ મોટો ફેર જોવા મળતો નથી. આજે પણ નાગરિકો માટે અન્ન સુરક્ષા, શિક્ષણ અને આરોગ્યની સુવિધાઓ મહદંશે ૧૯૫૦ જેવી જ છે. જ્યાં સુધી દેશના લોકોને સરેરાશ સુવિધાજનક પરિસ્થિતિ સુધી નહીં પહોંચાડવામાં આવે ત્યાં સુધી આપણે એસી હોલમાં બેસીને ચર્ચા નહીં કરી શકીએ.'

ભારતમાં વર્ષોથી અસ્પૃશ્યતા અને વ્યાવસાયિક આભડછેડ રહી હોવાનું જણાવતા તેમણે કહ્યું હતું કે, 'સામાજિક અસમાનતા વર્ષોથી હતી અને આજે પણ જોવા મળે છે. રાજકીય દ્રષ્ટિએ જોઈએ તો ૧૮ વર્ષની દરેક વ્યક્તિને ચૂંટણીમાં ભાગ લેવાનો અવસર બંધારણે આપ્યો છે. પરંતુ ચૂંટણીમાં જે રીતે નાણાંની રેલમછેલ થાય છે તે અત્યંત દુર્ભાગ્યપૂર્ણ છે. કયો ઉમેદવાર ચૂંટાશે તે આજે પણ 'મની પાવર' નક્કી કરે છે. એટલું જ નહીં રાજકારણમાં 'પરિવારવાદ'નો પગપેસારો અસમાનતા ઊભી કરે છે. રાજકારણમાં પ્રવેશવાનો હક બંધારણે તમામને આપ્યો છે, પરંતુ માત્ર પરિવારવાદ એ રાજકારણમાં પ્રવેશવાનો આધાર ના હોવો જોઈએ.'

આ પહેલા પોતાના વકતવ્યમાં તેમણે કહ્યું હતું કે, 'ન્યાયતંત્ર, ધારાસભા અને નોકરશાહી ત્રણેય પાયાના સ્તંભ છે અને જો તે યોગ્ય રીતે કામગીરી ના કરે તો સમગ્ર વ્યવસ્થા પડી ભાંગશે. ન્યાયતંત્ર હજુ સુધી તેની વિશ્વસનીયતા ટકાવી શકી છે.' બંધારણના પ્રસ્તુત મુદ્દા ઉપર વિસ્તૃત છણાવટ કરતા તેમણે કહ્યું હતું કે, 'દેશ ગુલામીમાંથી મુક્ત થતાં એક નવા રાષ્ટ્રની કલ્પના અને સામાન્ય વ્યક્તિના હિતને લક્ષ્યમાં રાખીને બંધારણના ઘડવૈયાઓએ સામાજિક, આર્થિક અને રાજકીય હકોનો સમાવેશ બંધારણમાં કર્યો હતો. સરકાર ભ્રષ્ટ ના થાય અને સત્તાનો દુરુપયોગ ના કરે એ પણ બંધારણના નિર્માણનો હેતુ હતો. લોકતંત્રનો અર્થ જ એ છે કે દેશમાં સત્તાધીશોને હવેથી કોઈ દિવ્ય અધિકારો નહીં રહે. બંધારણે રાઈટ ટૂ વોટ (મતદાનનો અધિકાર) આપ્યો છે, જે લોકતાંત્રિત ઢબે સરકારને ચૂંટવા માટેનું સૌથી મોટું પરિબળ છે. જો કે, દુર્ભાગ્યપૂર્ણ રીતે ન્યાયતંત્ર રાઈટ ટૂ વોટને બંધારણીય હકના બદલે વૈધાનિક અધિકાર ઠરાવતી રહી છે.'

તેમણે આવનારી પેઢીને મંથન કરવા પ્રશ્ન આપતા કહ્યું હતું કે, 'બંધારણે દરેક ભારતીય નાગરિકને સામાજિક, આર્થિક અને રાજકીય હકો આપ્યા છે. આ હકો કેટલા સુરક્ષિત રહ્યા છે અને તેમની સામે શું જોખમ છે તેનો નિર્ણય યુવા પેઢીએ કરવાનો છે.

કાર્યક્રમની શરૂઆતમાં પી.ડી. દેસાઈ કમિટીના ચેરમેન અને સિનિયર એડવોકેટ સુરેશ એન. શેલત અને એડવોકેટ જનરલ કમલભાઈ ત્રિવેદીએ જસ્ટિસ ચેલમેશ્વરનો પરિચય કરાવ્યો હતો.ત્યારબાદ હાઈકોર્ટના જસ્ટિસ એન.વી. અંજારિયા અને જસ્ટિસ વી.એમ. પંચોલીએ શરૂઆતમાં યોજાયેલા વર્કશોપની માહિતી આપી હતી. જેમાં કાયદાના વિદ્યાર્થીઓ અને એડવોકેટ્સ દ્વારા સંબંધિત વિષય પર થયેલી ચર્ચાનું નિષ્કર્ષ જણાવતા તેમણે કહ્યું હતું કે, 'સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય એક પિરામિડ આકારની વ્યવસ્થા છે. સામાજિક ન્યાય અને સમાનતા થકી જ આર્થિક અને રાજકીય ન્યાય સુધી પહોંચી શકાય છે.'

સુપ્રીમ કોર્ટના સિનિયર એડવોકેટ દુષ્યંત દવેએ કાર્યક્રમનો સમાપન કરતા આભાર વ્યક્ત કર્યો હતો. સાથે જ તેમણે સ્પષ્ટ કહ્યું હતું કે, 'આધારકાર્ડથી લઈને ઈન્ટરનેટના ઉપયોગની સ્વતંત્રતામાં જે રીતે સરકાર ઘૂસણખોરી કરી રહી છે, તે નાગરિકોના રાઈટ ટૂ પ્રાઈવસી પર તરાપ છે. સિનિયર મોસ્ટ જજ કોલેજિયમ સિસ્ટમનો ભોગ બન્યા છે. ન્યાયતંત્ર પોતાની નૈતિકતા વિકસાવી શક્યું નથી. હાઈકોર્ટથી લઈને સુપ્રીમ કોર્ટના જજોની વર્તણૂક અનેકવાર ભારે શર્મિંદગીમાં મુકનારી રહી છે.'